ગાંધીનગર સમાચાર

# મેઘરજ તાલુકાના ખોખરીયા ગામ પંચાયત હસ્તકમાં સરદાર આવાસ યોજનાનું લાખો રૂપિયાનું કૌભાંડ

ઈસરી, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ખોખરીયા ગામ પંચાયત હસ્તકના ગામડાઓમાં સરદાર આવાસ-૨ યોજના અંતર્ગત અરજી પત્રકમાં બોગસ ફોટાઓ લગાવી સરદાર આવાસ યોજનાનું મકાન મંજુર કરાવી લાખો રૂપિયાના ચેકો મેળવ્યાની ઘટનાએ સમગ્ર તાલુકામાં ચકચાર જગાવી છે.

મેઘરજ તાલુકા પંચાયત હસ્તક સરદાર આવાસ-૨ યોજના ચાલી રહી છે. જેમાં ખોખરીયા ગામ પંચાયત હસ્તકમાં ખોખરીયા, ધુળકોટા, મુન્સીવાડા, નારસોલી સહિતના ગામો આવેલા છે. આ ગામ પંચાયત હસ્તકના ગામડાના અસરગ્રસ્તોએ સરદાર આવાસ યોજનાનું ફોર્મ ભરીને ગામ પંચાયતમાં આપવાનું હોય છે. અને જેના આધારે સર્કલ તલાટી તપાસ કરે છે. પરંતુ ચોંકાવનારી વિગતો એવી બહાર આવી છે કે મેઘરજ તાલુકાના સરદાર આવાસ યોજના હેઠળ ૧૦૦ જેટલા વર્કઓર્ડરો આપવામાં આવ્યા છે. તે ઈસમોએ અગાઉ પણ ઈન્દીરા આવાસ અને દીન દયાળ આવાસના મકાનો પણ મેળવ્યા છે અને જે ૧૦૦ ઈસમોને વર્કઓર્ડરો આપવામાં આવ્યા છે તેમના મકાનો પાકા હોવાનું બહાર આવ્યું છે. આ ઈસમોએ બીજાના મકાનોના ફોટા લગાવી લાખો રૂપિયા મંજુર કરાવ્યા છે.

**૧૦૦ વર્ક ઓર્ડરના ફોર્મ અને ઉપરના ફોટાઓની ચકાસણી કરવામાં આવે તો ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે**

મળતી માહિતી અનુસાર આ અગાઉ ભિલોડા ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. ત્યારે કેટલાક ઈસમોને બોગસ ચેકો આપ્યા હોવાનું બહાર આવ્યું છે. મેઘરજ તાલુકા પંચાયત હસ્તકની સરદાર આવાસ યોજનામાં જે લોકોએ ફોર્મ ભર્યા છે અને મંજુર કરાવ્યા છે. તે લોકોની નામાવલી ચેક કરાવવામાં આવે તો લાખો રૂપિયાનું કૌભાંડ બહાર આવે તેમ છે. મળતી માહિતી અનુસાર સરદાર આવાસ યોજના મંજુર કરાવવું હોય તો સરપંચશ્રીને રૂપિયા ૫૦૦, તલાટીને રૂ. ૫૦૦, સર્કલને રૂ. ૫૦૦ મળી કુલ ૧૫૦૦ રૂપિયા આપવા પડે છે. ત્યારે રૂ. ૧૦ હજારો ચેક મળે છે. અને આ અંગે મેઘરજ તાલુકામાં અત્યાર સુધીમાં આપેલ સરદાર આવાસ યોજનાના મકાનો અંગેની રકમ જો વીજીલન્સ દ્વારા સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવે તો લાખો રૂપિયાનું કૌભાંડ બહાર આવે તેવી વકી છે. આ અંગે કેટલાક અસરગ્રસ્તોએ જિલ્લા કલેક્ટરશ્રી ગ્રામ વિકાસ એજન્સીને પણ લેખિતમાં ધ્યાન દોર્યુ છે. અત્યાર સુધી મેઘરજ તાલુકાની ખોખરીયા ગામ પંચાયતમાં ૧૦૦ જેટલા વર્ક ઓર્ડરો અને ૧૦ હજારના ચેકો આપી દેવામાં આવ્યા છે. તેમના ફોર્મ ઉપરના મકાનોના ફોટાઓ ચેક કરવા ઉગ્ર માંગણી ઉઠી છે.

# અંબાજીના ૫૧ શક્તિપીઠના પૂજારીઓને વગર લાયકાતે કલાર્ક બનાવી દેવાયા

અંબાજી, તા. ૧૪

ગબ્બર પ્રદક્ષિપણાપથ ૫૧ શક્તિપીઠ પરના વિવિધ મંદિરોના પૂજારીઓ પૈકી કેટલાક પૂજારીઓને મંદિર ટ્રસ્ટે ટ્રસ્ટની અન્ય કામગીરીમાં જોતરી દીધા હોવાની હકીકત બહાર આવી છે. જેથી હવે શક્તિપીઠોના મંદિરો પણ નધણિયાતા થવા ઉપરાંત તેની વિધિવત પૂજા અર્ચના માટે પણ સમસ્યા ઉદભવી છે. અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અમલદારો દ્વારા લેવાતા તઘલખી નિર્ણયો અંગે વ્યાપક ફરિયાદો અને રજુઆતો થઈ રહી છે. વિગત મુજબ તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનના સ્વપ્ન મુજબ શક્તિપીઠોમાં અંતે મહત્વના ગણાતા અંબાજી ગબ્બર શક્તિપીઠ ફરતે પ્રદક્ષિણા માર્ગ પર વિશ્વભરમાં વસતા માઈભક્તો કે એક જ સ્થળે ૫૧ શક્તિપીઠના દર્શન કરી શકે તે માટે રૂ. ૬૦ કરોડના ખર્ચે ૫૧ શક્તિપીઠ પરીક્રમા માર્ગ તૈયાર કરવામાં આવ્યો હતો. જ્યાં વિશ્વભરના ૫૧ શક્તિપીઠો પૈકી ૪૦ શક્તિપીઠોમાં બ્રાહ્મણોને મોકલી એક માસ જેટલુ રોકાણ તાલીમ મેળવી જે તે શક્તિપીઠોની પૂજા અર્ચન શૈલીથી માહિતગાર કર્યા હતા. અને ત્યાર બાદ તાલીમ મેળવેલ ભુદેવોને અંબાજીના વિવિધ શક્તિ પીઠો ઉપર પૂજન વિધિમાં જોડવામાં આવ્યા હતા.

**હાલના વડાપ્રધાનશ્રીએ આ ૫૧ શક્તિપીઠનું ઉદ્‌ઘાટન કરેલ હતુ અને વડાપ્રધાનનું સપનુ હતુ કે અંબા માના પવિત્રધામમાં આવતા દર્શનાર્થે યાત્રાળુઓને ૫૧ શક્તિપીઠના દર્શનનો એક જગ્યાએ લાભ મળે તેવા વડાપ્રધાનશ્રીના સપનાને ચકનાચૂર કરતા અંબાજી મંદિરના વહીવટકર્તાઓની શાન મુખ્યમંત્રી લાવશે કે યથાવત રહેશે એ તો ભગવાન જ જાણે**

હાલમાં મંદિર ટ્રસ્ટ દ્વારા ૫૧ શક્તિપીઠોના પૂજારીઓ પૈકી કેટલાક પૂજારીઓને પૂજનવિધિ છોડાવી મંદિર તેમજ ટ્રસ્ટની સંલગ્ન સંસ્થાઓની કામગીરીમાં જોડી દેવામાં આવ્યા છે. તેમના હાથમાં આરતીની જગ્યાએ કમ્પ્યુટરના માઉસ જોવા મળે છે. ૫૧ શક્તિપીઠોમાં પૂજારીઓના ભાગે ૫ મંદિરની પૂજાની જવાબદારી આવી પડી છે. મંદિર ટ્રસ્ટના નિર્ણય અંગે ગુજરાત રાજ્ય બ્રહ્મસમાજના મહામંત્રી ડામરાજી રાજગોરે સખ્ત વિરોધ કરતા જણાવ્યું હતું કે, 'મંદિર ટ્રસ્ટના અમલદારોના તઘલખી નિર્ણયો અંગે ૧૨ મુદ્દાનું આવેદન પત્ર આપ્યું છે. તેમાં ૫૧ શક્તિપીઠોનો મુદ્દો મહત્વનો છે. બ્રાહ્મણો સાથે આવો જ વ્યવહાર કરાશે તો ન્યાયાલયનો પણ આશરો લઈશું. બીજી તરફ દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર જી.પી. બ્રહ્મભટ્ટ સાહેબના જણાવ્યા અનુસાર પૂજારીઓ ટ્રસ્ટની કામગીરીમાં વાકેફ થાય તે માટે જોતરાયા છે. ૫૧ શક્તિપીઠના પૂજારીઓ ટ્રસ્ટની કામગીરીથી વાકેફ થાય અને તેનો અનુભવ મળે તે માટે તેમને આ કામગીરીમાં સામેલ કરવામાં આવ્યા છે.

## પાલનપુર ખાતે નગરપાલિકા ચૂંટણી સંદર્ભે ભાજપના ઉમેદવારોને નિરીક્ષકો સાંભળશે

પાલનપુર, તા. ૧૫

પાલનપુર અને ડીસા નગરપાલિકાની આગામી ચૂંટણી સંબંધે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો અને તેમના ટેકેદારોની પાર્ટીના નિરીક્ષકોએ થોડા દિવસ અગાઉ રજુઆતો સાંભળી હતી. હજુ પણ બાકી રહેલા ઉમેદવારો કાર્યકરો અને દાવેદારોને પાર્ટીના નિરીક્ષકો દ્વારા રજુઆતો સાંભળવાનો કાર્યક્રમ રાખેલ છે. તે અંતર્ગત તા. ૧૭-૧૦-૨૦૧૫ને શનિવારે બપોરે ૨ થી ૫ દરમ્યાન પાલનપુર ખાતે સરકારી વિશ્રામગૃહ, પુલના છેડે પાલનપુર સ્થળે નિરીક્ષકો ગુમાનસિંહ ચૌહાણ, મેરૂજી ધુંખ અને ડો. રાજુલબેન દેસાઈ જ્યારે ડીસા ખાતે આર.એન્ડ બી. રેસ્ટ હાઉસ, ડીસા હાઈવે સ્થળે રાણાભાઈ દેસાઈ, નૌકાબેન પ્રજાપતિ અને રાજુભાઈ રાવલ કાર્યકરોને સાંભળીને તેમની રજુઆતો મેળવશે. પાલનપુર અને ડીસા નગરપાલિકાની ચૂંટણી લડવા ઈચ્છુક ઈમેદવારો, ટેકેદારો અને કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા મીડીયાસેલના કન્વીનર રૂપસિંગ ચૌહાણે જણાવ્યું છે.



સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ અમદાવાદ હિંમતનગર રોડ આંટા ફેક્ટરી પાસે એકાએક ત્યાંથી પસાર થતી આઈશરમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી અને આ અંગેની જાણ પ્રાંતિજ પી.આઈ. ભરત પટેલ સહિત પોલીસ સ્ટાફ તથા ફાયર બ્રિગેડને જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જ્યારે આજુબાજુમાંથી પસાર થતાં લોકો પણ ભેગા થઈ ગયા હતા અને ૧૦૮ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. જ્યારે ફાયરબ્રિગેડની ટીમ દ્વારા આઈસરમાં લાગેલ આગને કાબુમાં લીધી હતી. જ્યારે પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા સહિત ટીમ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બે વ્યક્તિઓને તાત્કાલિક ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યારે ત્યાંથી પસાર થતા લોકોને આ ઘટના મોકડ્રીલ છે તે ખબર પડતાં હાસકારો લીધો હતો.

# ઊંઝામાં નવરાત્રી પર્વે આરતીમા ન બોલાવવા જેવી બાબતે ચાર શખ્સોએ ભુવાજીની નિર્મમ હત્યા કરી નાખી

ઊંઝા,તા. ૧૫

ઊંઝા ખાતે ઉમિયા માતાજી મંદિર પાછળ રાવળવાસમાં નવરાત્રી માંડવીની આરતીમાં ન બોલાવવા જેવી નજીવી બાબતમાં ઉશ્કેરાયેલ એક કુટુંબના ચાર શખ્સોએ હથિયારો ધારણ કરી ભુવાજી સાથે ગાળા ગાળી કરી હથિયારો વડે તેમની પર જીવલેણ હૂમલો કરી નિર્મમ હત્યા કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ હતી. આ હત્યાના ગુનામાં આરોપીમાં ઊંઝા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વોર્ડ નં. ૬ના ભાજપના સદસ્ય બલુભાઈ કે. રાવળ તેમના ભાઈઓ અને પુત્રની સંડોવણી હોવાની હકિકત બહાર આવતાં ભારે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે ઉમિયા માતાજીના મંદિર પાછળ રાવળવાસ આવેલ છે. જ્યાં નવરાત્રી નિમિત્તે માંડવી નીકળે છે. ગઈ રાત્રે સાડા નવથી દશ વાગ્યાના સુમારે આરતીમાં ન બોલાવવા જેવી નજીવી વાતે ભુવાજી રામજીભાઈ હીરાભાઈ રાવળ સાથે રાવળ વાસમાં જ રહેતા ઊંઝા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બલુભાઈ કાન્તિભાઈ રાવળ અને તેમના કુટુંબના ચાર ઈસમોએ બોલાચાલી કરી હતી. આથી મામલો ઉગ્ર બન્યો હતો. અને ઉશ્કેરાયેલ ચારેય શખ્સોએ હથિયારો વડે ભુવાજી પર જીવલેણ હૂમલો કર્યો હતો. જેથી તેમને શરીરના માથા તથા મોંઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર રીતે ઘવાયેલ ભુવાજીને સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમનું ગંભીર રીતે ઘવાયેલ ભુવાજીને સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે શહેરમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

આ બનાવ અંગે નવિનભાઈ અમરતભાઈ રાવળની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે બલુભાઈ કાન્તિભાઈ રાવળ, અશોકભાઈ કાન્તિભાઈ રાવળ, કનુભાઈ કાન્તિભાઈ રાવળ તથા અશ્વિનભાઈ બલુભાઈ રાવળ રહે. તમામ ઊંઝા વિરૂદ્ધ ખૂનનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# ટાઉનહોલના નિવૃત્ત વાયરમેનને ગઠીયાઓ નકલી ચાંદી થપાવી ગયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સે. ૧૭ સ્થિત ટાઉનહોલમાંથી નિવૃત્ત થયેલા વાયરમેનને ભોળવીને તેમના બે મિત્રો છેતરી ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. સોના-ચાંદીનો મોટા પાયે ધંધો કરતા હોવાનું કહીને ૧૦ કિલો ચાંદીની ડીલ કરી વાયરમેન પાસેથી સવા ત્રણ લાખ રૂપિયા લીધા હતા અને બિલ આપ્યા બાદ બાકીના રૂપિયાનો હિસાબ કરવાનું કહ્યું હતું. હવે ચાંદીની ચકાસણી કરાવી ત્યારે આ ચાંદી નકલી હોવાનું વાયરમેનના ધ્યાને આવતા આજે સે. ૨૧ પોલીસ મથકમાં વકીલ શંકરસિંહ ગોહીલ મારફતે વાયરમેન ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હતા.

**સવા ત્રણ લાખ લઈને ૫૦૦-૫૦૦ ગ્રામના સિક્કા મળી ૧૦ કિલો ચાંદી આપી હતી : ચાંદી ચેક કરાવી તો નકલી હોવાનું ખુલ્યુ**

ટાઉનહોલમાંથી ફેબ્રુઆરી માસમાં નિવૃત્ત થયેલા વાયરમેન મોહનજી લક્ષ્મણજી ઠાકોર તેમના સમાજના જ એક મિત્ર ઈન્દ્રોડા ગામના માનાજી લક્ષ્મણજી ઠાકોર મારફતે શાહપુરના અશોકભાઈ મગનભાઈ પટેલના સંપર્કમાં આવ્યા હતા. ત્રણેય વચ્ચે મિત્રતા પણ થઈ ગઈ હતી. અશોકભાઈ અને માનાજી મોટા પાયે સોના-ચાંદીનો વ્યવસાય કરતા હોવાનું જણાવતા હતાં અને અવારનવાર ટાઉનહોલ ખાતે પણ આવ-જા કરતા હતા. તબક્કાવાર માનાજીના કહેવાથી અશોકભાઈને વાયરમેન મોહનજીએ રૂ. ૨૪ લાખ હાથ ઉછીના પણ આપ્યા હતા. આ દરમ્યાન ચાંદી ખરીદવાની ઈચ્છા થતા મોહનજીએ ચાંદીના ૧૦ કિલો સિક્કા મંગાવ્યા હતા. અને ટાઉનહોલ પાસે ગાર્ડનમાં ૧૦ કિલો ચાંદી લઈ રૂ. ૩.૨૫ લાખ આપ્યા હતા. તેનું પાકુ બિલ માંગ્યુ તો આજ-કાલમાં આપી દઈશુ બીજા પૈસાનો બિલ આપીએ પછી હિસાબ કરીશુ તેમ જણાવ્યુ હતુ. ત્યાર બાદ બંનેએ આપેલી ચાંદી તપાસ કરાવતા નકલી હોવાનું ખુલતા વાયરમેન ચોંકી ગયા હતા. આ બનાવ અંગે વકીલ શંકરસિંહ ગોહિલ મારફતે બંને સામે સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવવા મોહનજીએ તજવીજ શરૂ કરી છે.



## અમીનપુર પ્રાથમિક શાળાનું ગૌરવ

પ્રાંતિજ તાલુકાના અમીનપુર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓની ટીમ તાલુકા કક્ષાનો રમતોત્સવમાં પ્રથમ નંબરે વિજેતા બની હતી. પ્રાંતિજ ખાતે તાલુકા કક્ષાનો રમતોત્સવ યોજાયો હતો. જેમાં અમીનપુર પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓની ખોખોની ટીમ પ્રથમ નંબરે વિજેતા થતાં શાળાનું તથા ગામનું ગૌરવ વધારતાં શાળાના મુખ્ય શિક્ષક સવિતાબેન પટેલ, ગીતાબેન રાવલ તથા શાળા પરિવાર તેમજ સી.આર.સી. સી.ઓ મહેન્દ્ર પટેલ તથા એસ.એમ. સી. કમીટીના સભ્યોએ વિદ્યાર્થીનીઓની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા તંત્રને સ્માર્ટસીટી અંગે સૂચનોની રજુઆત

ગાંધીનગર, તા. ૧૫

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા સ્માર્ટસીટી અંગે સૂચનોની રજુઆત ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરને કરવામાં આવી છે. આ રજુઆતમાં શહેરને સ્પર્શતા ૨૦ સૂચનોને આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતાં જ મહાનગર પાલિકા દ્વારા શહેરની વિવિધ જગ્યાઓએ રાત્રી બેઠક યોજવામાં આવે છે. જેમાં નગરજનો સ્માર્ટ સીટી અંગેના સૂચનો રજુ કરે છે. જેમાં સ્માર્ટ સીટીમાં શુ શું જરૂરીયાત હોવી જોઈએ તેમજ શુ નથી, કેવું આયોજન કરવું જોઈએ સહિતના સૂચનો નગરજનો પાસેથી મનપાને મળી રહે છે. ત્યારે ડેમોક્ટરીટ પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર દ્વારા પણ મનપા કમિશનરને ૨૦ મુદ્દાના સૂચનો આપવામાં આવ્યા છે. જેમાં નગરજનોને રહેઠાણ, શિક્ષણ, ખોરાક સહિત આરોગ્યની ઉચ્ચ ગુણવત્તા, સ્માર્ટસીટીમાં ઝુંપડપટ્ટીને કોઈ અવકાશ નથી. માટે ઓછામાં ઓછુ ૨ રૂમ રસોડાનું મકાન મળવુ જોઈએ. બાળકોને પ્રાથમિક શિક્ષણ ઉચ્ચ ગુણવત્તાવાળુ, સરકારી દવાખાના સાધન સંપન્ન હોવા જોઈએ. સ્વચ્છ પાણી, પુરતા પ્રમાણમાં પાણી બગાડ ન થાય તેવી વ્યવસ્થા, ગંદા પાણીની યોગ્ય વ્યવસ્થા, નગરના મુખ્ય માર્ગ તેમજ આંતરીક માર્ગની સફાઈ, ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ કરવી, સ્માર્ટસીટીમાં યોગ્યતા પ્રમાણે રોજગારી સરળ ટ્રાન્સપોર્ટ, વ્યવસ્થા, નગરમાં ટેકસીમા ભાડા, મીટર પ્રમાણે લેવાય તેમજ ડ્રાયવરોને ગણવેશ હોવો જોઈએ. ગાર્ડનની પુરતી જાળવણી, નગરમાં વધુ વૃક્ષો વાવવા, રસ્તા બાજુમાં સર્વિસ રોડ હોવો જોઈએ, લાયબ્રેરી ઉભી કરવી, કાયદો વ્યવસ્થાની જાળવણી માટે પુરતી વ્યવસ્થા હોવી જોઈએ જેથી નાગરીકો સુરક્ષીત રહી ફરી શકે. સહિતના મુદાઓનો સમાવેશ થાય છે.

## આજે મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં વ્યસ્ત બન્યા હતા.મુખ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મતદાનના બીજા તબક્કાના કારણે તમામ છ જિલ્લામાં રજા રહેશે. સરહદ પર નાકાબંધી વધારી દેવામાં આવી છે. ૧૨ વિધાનસભા ક્ષેત્રોમાં સવારે સાત વાગ્યાથી લઈને સાંજે ચાર વાગ્યા સુધી મતદાન થશે જ્યારે ૧૧ વિધાનસભા ક્ષેત્રોમાં સાત વાગ્યાથી ત્રણ વાગે સુધી મતદાન થશે. પ્રથમ તબક્કામાં ૫૭ ટકા મતદાન રહ્યુહતુ. બહુજન સમાજ પાર્ટીએ આ તબક્કામાં પણ સૌથી વધારે ૩૨ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. ચૂંટણી પ્રક્રિયા પર નજર રાખવા માટે કુલ હજારો મતદાન કર્મચારીઓ તૈનાત કરવામાં આવી રહ્યા છે. તમામ ઉમેદવારોના ભાગ્યનો ફેસલો કરવા માટે મતદારો ઉત્સુક દેખાઈ રહ્યા છે. ઉંચા મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે પણ તમામ તૈયારી કરી છે. મતગણતરીની પ્રક્રિયા ૮મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવશે.બીજા તબક્કા માટે એનડીએ તરફથી મોટી સંખ્યામાં ઉમેદવારો મેદાનમાં છે. બીજા તબક્કામાં ભાજપના ૧૬, એલજેપીના ૩, આરએલએસપીના ૬, એચએએમના ૭ ઉમેદવાર મેદાનમાં છે જ્યારે મહાગઠબંધન તરફથી જેડીયુના ૧૩, આરજેડીના ૧૩, કોંગ્રેસના ૬ ઉમેદવાર મેદાનમાં છે. ડાબેરી પક્ષો પણ કેટલાક ગાબડા પાડવા માટે ઈચ્છુક છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં આ ૩૨ બેઠકો પૈકી જેડીયુની પાસે ૧૮ બેઠકો છે જ્યારે ભાજપ પાસે ૯ બેઠક છે. આરજેડીની પાસે ૨ બેઠક છે. બિહાર વિધાનસભાની કુલ ૨૪૩ બેઠક માટે પાંચ તબક્કામાં મતદાન યોજાનાર છે. મતગણતરી ૮મી નવેમ્બરના દિવસે યોજાશે. જે જિલ્લાઓણાં મતદાન થનાર છે તેમાં કેમૂર, રોહતાસ, અરવલ, જેહાનાબાદ, ઔરંગાબાદ અને ગયાનો સમાવેશ થાય છે.

## આંખમાં ખામી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦ વર્ષની ઉંમર પહેલા પોતાની આંખ ગુમાવી દે છે. એટલે જો શરૂઆતના તબક્કામાં આંખની ખામી પકડીને તેને જરૂરી કસરત તેમજ યોગ્ય ચશ્મા પહેરાવામાં આવે તો આવા બાળકોની આંખ બચી શકે વાલીઓની સાથે શાળાના શિક્ષકોએ આ ખામી શોધવા માટે સજ્જ થવાની જરૂર છે. તેજ આઈ સેન્ટર દ્વારા આગામી સમયમાં આ અભિયાન હાથ ધરવા માટે એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે. જેમાં જિલ્લાના ૧૩ વર્ષ સુધીના બાળકોની આંખો તપાસવામાં આવશે. જેમાં દ્રષ્ટીના ૧૦ પ્રકારના ટેસ્ટ કરવામાં આવશે.

## તન-તંદુરસ્તી (૪ પાનાનું ચાલુ...)

લેબોરેટરીના રિઝલ્ટ કરતાં ગ્લુકોમીટરનું રિઝલ્ટ ૧૦% વધારે આવે છે પણ એ મશીન ટેમ્પરેચર સેન્સેટીવ હોય છે. જો તે વધારે ગરમી કે ઠંડીમાં ટેસ્ટ કરવામાં આવે અથવા તો કોમેટોગ્રાફીક મેથર્ડથી સ્ટ્રીપથી થતું રિઝલ્ટ કદાચ વધારે સચોટ ન પણ હોઈ શકે એટલે કે સામાન્ય રીતે બે વાર ટેસ્ટ કરવો હિતાવહ છે. આ ડાયાબિટીસ માટે નાની સમજ છે. વધારે સમજ માટે અતિ વધારે ઉદાહરણ માટે આપણું વધુ આવતાં શુક્રવારે વિચારીશું.

## સેલ્ફીનો ક્રેઝ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુવાનો ગરબા મેદાનમાં તેમજ ગરબા સ્થળોએ મુખ્ય ગેટ અને આસપાસના વિસ્તારમાં મિત્રો સાથે ગરબાના પ્રારંભે સેલ્ફી લઈ મીનીટોમાં અપલોડ કરી સોશ્યલ મિડીયામાં પણ ગરબાની ધૂમ મચાવી રહ્યા છે.

રાજ્યભરમાં ગુજરાતનું ગૌરવ અને પરંપરાના પ્રતિક સમા નવરાત્રી પર્વનો પ્રારંભ થઈ ગયો છે. ધીમે ધીમે ગરબા રસીકોમાં ઉત્સાહ વધી રહ્યો છે. ખેલૈયાઓ અવનવા ડ્રેસીસમાં સજ્જ થઈ ગરબાના મેદાનમાં સંગીતના તાલે ગરબાની રમઝટ બોલી રહ્યા છે. આ વર્ષે નવરાત્રી મહોત્સવમાં યુવાનોમાં ગરબા વીથ સેલ્ફીનો ક્રેઝ વિશેષ જોવા મળી રહ્યો છે.

યુવાનો પારંપરિક વસ્ત્રોમાં સજ્જ થઈ ગરબાના પ્રારંભે જ ગરબા મેદાનમાં મિત્રો સાથે સેલ્ફી ખેંચી રહ્યા છે. જ્યારે કેટલાક યુવાનો-યુવતીઓ ચાલુ વાહને પણ મોબાઈલમાં સેલ્ફી લેતા નજરે પડે છે. ગરબાની સાથે યુવાનો ગરબા સ્થળએ ઉભી કરવામાં આવેલી ગામઠી કલાકૃતિઓ, ગેટ, જુદી જુદી જાહેરાતના બેનરો પાસે પણ સેલ્ફી ખેંચી રહ્યા છે અને મીનીટોમાં જ પોતાની ગરબા વીથ સેલ્ફી સોશ્યલ મિડીયામાં અપલોડ કરી રહ્યા છે. હાલ ઠેર ઠેર યુવાનોમાં સેલ્ફીનો ક્રેઝ વધી રહ્યો છે. યુવાનો કોઈપણ પ્રસંગ, ઉત્સવ કે ત્યોહાર કે મહોત્સવ તમામ સેલ્ફી લઈ પોતાના સોશ્યલ મિડીયાના મિત્રોને સેલ્ફી પહોંચાડી રહ્યા છે.

## ચૂંટણીઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાનગર પાલિકાની ચૂંટણીનો મામલો સુપ્રીમ કોર્ટમાં હોવાથી તેના નિર્ણય ઉપર કેટલીક બાબતો આધારિત રહેશે. રાજ્યમાં ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાનાર છે. ઓક્ટોબર મહિનામાં મૂળભૂતરીતે ચૂંટણી પ્રક્રિયા પુરી કરવાની યોજના હતી પરંતુ અનામત આંદોલનના કારણે ત્રણ મહિના સુધી ચૂંટણી મોકૂફ રાખવાની રજૂઆત કરાઈ હતી. ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનના મુદ્દે રાજયની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પાછી ઠેલવા રાજય ચૂંટણીપંચે લીધેલા નિર્ણય સામે હાઈકોર્ટમાં અરજી થઈ હતી. આ અરજીની સુનાવણી દરમિયાન રાજય ચૂંટણીપચે હાઈકોર્ટામાં જવાબ રજુ કરી ૨૫ ડિસેમ્બર સુધી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પૂર્ણ કરવા માટેની ખાતરી આપી હતી. જેમાં બે ડિસેમ્બરથી ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ૨૧ દિવસમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરાશે. અને બે તબક્કામાં ચૂંટણી પૂર્ણ કરવાની બાહેંધરી રાજય ચૂંટણીપંચે આપી હતી. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ મોફુક રાખવાના રાજય સરકારના નિર્ણય સામે ગુજરાત હાઈકોર્ટે રાજય ચૂંટણીપંચ અને ગુજરાત સરકારને નોટીસ ફટકારીને આ ચૂંટણીઓ રદ કરવાના કારણો સાથે જવાબ રજુ કરવા આદેશ કર્યો હતો. જે સંદર્ભે આજે રાજય રજુ કર્યો હતો.

**Change of Name**

I have changed from old name Patel Sohinaben Rasiklal, New name Patel Sonalben Jagdishbhai

**Address : Nani Bhagol, At. po. ta. Prantij, Dist. Sabarkantha.**